સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

'રામમંદિર' સમાધાન હવે ફાટકે છે,
ને શાંતિ જોઈ, ઈર્ષાનાં તોફાન ત્રાટકે છે.
ઝાટકે છે આખું વિશ્વ હવે પાકિસ્તનને -
તૂટ્યું છે અર્થતંત્ર દેશ આખો 'વાટકે' છે...

હાઈકુ

દોડી ન શકે -
મસ્જિદ સુધી પણ -
મિયાં થાક્યા છે...

હોમાઈ જશે
એ સ્પર્ધાની આગમાં
થૈ જસે ભસ્મ...

ચિંતન

પુષ્પહીનં સહકારમપિ નો પાંસતે ભ્રમરાઃ ॥
પુરાનું જરસો વધીત્ ॥

પુષ્પહીન આમ્રવૃક્ષનો ભ્રમરો પણ ત્યાગ કરે છે.

જેમ વસંતઋતુ વીતી જતાં પુષ્પહીન બનેલા આમ્રવૃક્ષનો ભમરાઓ ત્યાગ કરે છે તેમ આ ધનભૂખ્યો સંસાર ધનવિહીન દરિદ્ર મનુષ્યનો ત્યાગ કરે છે.

જો માણસ ધન (સત્તા-પદ) વિનાનો હોય તો સ્વાર્થી સંસારી વ્યક્તિ તેને જરા પણ માન-પાન આપતી નથી ઉલ્ટું તેની સાથે અપમાનજક વર્તાવ કરે છે આ સંસારની રીત છે. જીવનને સાચી રીતે જોવાની 'દૃષ્ટિ' કોઈક પાસે જ હોય છે.

સુવિચાર

- એના જ ઘરમાં જગ્યા એમજ કાંઈ ઈશ્વર દેતો નથી, બદલામાં શ્વાલ લે છે. કાંઈ ઉધાર દેતો નથી - **ચંદ્રેશ પ્રજાપતિ**
- રેખાઓ ભલેને હથેળીએ હોય, મહેનત થકી જ કંડારાયેલું તો બાવડેથી જ હોય છે - **હબીબ અલી**
- પહેલા લોકો લાગણીશીલ હતા, સંબંધો કોઈ પણ ભોગે નિભાવતો, પછી લોકો પ્રેક્ટિકલ થયા સંબંધોમાંથી ફાયદો ઉઠાવતા થયા, હવે લોકો પ્રોફેશનલ થયા એટલે સંબંધ ત્યાં જ બનાવે જ્યાંથી ફાયદો ઉઠાવી શકે - **મુંબઈ સમાચાર**
- મનોરથ એટલે ઈચ્છા નહીં પણ પ્રાર્થના, મનોરથ અર્થાત્ પાંચ વસ્તુ : દર્શન, શબ્દ, સ્પર્શ, રસ, ગંધ - **મોરારિ બાપુ**
- જીવન એક વસ્ત્ર સમાન છે, તેને દુઃખના પાણીમાં ન ડૂબાડો, વજનદાર થઈ જશે, આધ્યાત્મિક સુખની હવામાં સૂકવો, જેથી એ હળવું થઈ જશે - **હરજીવન દાફડા**
- સ્વીકાર બધાનો કરો પણ તમારી નિષ્ઠામાં અટલ રહો - **કાંતિ ભટ્ટ**
- આજનું ઔષધ : તમાકુની રાખ, લવીંગનો ભૂકો તથા સિંધાલૂણનું મજન રોજ કરવાથી દાંત સ્વસ્થ રહે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સંતે જંગલમાંથી પસાર થતા, એક ખૂબ વિશાળ વૃક્ષ જોયું. એમણે વિચાર્યું કે આટલું વિશાળ કોઈ વૃક્ષ હોઈ શકે? આ કઈ પ્રકારનું વૃક્ષ હોઈ શકે ? એ વૃક્ષની પરીક્ષણ કરવાના હેતુથી તેઓ તેની ઉપર ચડ્યા. તેમણે ખુદને કહ્યું, 'અરે આ વૃક્ષની એક પણ ડાળી સીધી અને સરખી નથી કે જેમાંથી એકાદ નાનકડી નાવ પણ બને. વૃક્ષના થડમાં પણ એટલી બધી ગાંઠો છે કે એક તરાપો પણ બને...' એકાદું પાંદડું તોડીને ચાખી જોયું. તો પાંદડું પણ એટલું બધું કડવું નીકળ્યું કે એમની જીભ કડવી થઈ ગઈ. વૃક્ષની ડાળી, થડ, પાંદડા વગેરેનો અભ્યાસ કરીને એ બોલ્યા,'જો કોઈ ભૂલથી આ પાંદડું ખાઈ લે તો બે-ત્રણ દિવસ સુધી પોતાની સુધ-બુધ જ ખોઈ બેસે.' તેઓ ખુદને ઉદ્દેશીને બોલ્યા,'હવે ખબર પડી કે આ વૃક્ષ આટલું વિશાળ કેમ છે? બુદ્ધિશાળીઓએ આના પરથી બોધ લેવો જોઈએ કે જો તેઓ કોઈના કામમાં ન આવે તો તેના મોટા હોવાનો શો લાભ ? વ્યક્તિ નાનો હોય પરંતુ જો કોઈને કામમાં આવે તો પણ તેના અસ્તિત્વની પ્રશંસા કરવામાં આવે છે અને જો મોટો વ્યક્તિ જો કોઈને કામ નથી આવી શકતો તો તેનું અસ્તિત્વ વ્યર્થ છે. માટે કોઈ પણ પરિસ્થિતિમાં કોઈને માટે ઉપયોગિતારૂપ બનવું એમાં જ જીવનની સાચી સાર્થકતા છે.'

અયોધ્યા ચુકાદો : વિવાદનો અંત એ મોટી ફળશ્રુતિ

અયોધ્યાના રામ મંદિર મુદ્દે ૫૦૦ વર્ષથી ચાલી રહેલા વિવાદનો અંત આવ્યો છે અને હવે 'ઘીના ઠામમાં ઘી પડી રહે' એવી સ્થિતિનું નિર્માણ થયું છે. અયોધ્યા કેસમાં સુપ્રિમ કોર્ટે પોતાનો નિર્ણય આપી દીધો છે. વિવાદિત જમીન રામલલાને અને મુસ્લિમ પક્ષને અલગ સ્થાન પર ૫ એકર જમીન આપવાનો નિર્ણય કોર્ટે જાહેર કર્યો છે. આ અંગે કેન્દ્ર સરકારને ૩ મહિનામાં એક્શન પ્લાન તૈયાર કરવાનો આદેશ પણ સુપ્રિમ કોર્ટે કર્યો છે. સુન્ની વકફ બોર્ડને અલગ જગ્યાએ જમીન આપવાનો આદેશ અપાયો છે. પાંચ જજની બેઠકે આ નિર્ણય સર્વસંમતિથી લીધો છે.

સુપ્રિમ કોર્ટે એમ પણ કહ્યું છે કે વિવૈદિત જમીનનો ભાગ કરવામાં નહીં આવે. મુસ્લિમ પક્ષકારોએ આ નિર્ણયને આવકાર્યો છે, પરંતુ મુસ્લિમ પક્ષના વકીલ ઝફરયાબ ઝિલાનીએ એવું નિવેદન આપ્યું છે કે અમે આ ચુકાદાથી સંતુષ્ટ નથી અને ચુકાદાની કોપી મળ્યા બાદ ભવિષ્યની કાર્યવાહી અંગે અમે નિર્ણય લઈશું.

૪૫ મિનિટ સુધી ૧૦૪૫ પાનાંનો આ ચુકાદો પાંચ જજોએ વાંચ્યો હતો, જે દરમિયાન ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ કહ્યું હતું કે 'અમે સર્વસંમતિથી ચુકાદો સંભળાવી રહ્યા છીએ. આ કોર્ટે ધર્મ અને શ્રદ્ધાળુઓની આસ્થાનો સ્વીકાર કરવો જોઈએ. કોર્ટે સંતુલન જાળવવું જોઈએ.'

તેમણે એમ પણ જણાવ્યું કે 'વિવાદિત જમીન રેવન્યૂ રેકર્ડમાં સરકારી જમીન તરીકે નોંધણી ધરાવે છે. વિવાદિત માળખું ઈસ્લામિક મૂળનું ન હતું અને બાબરી મસ્જિદ ખાલી જમીન પર બનાવાઈ ન હતી. મસ્જિદ નીચે જે માળખું હતું તે ઈસ્લામિક ન હતું. તોડી પાડવામાં આવેલા વિવાદિત માળખા નીચે એક મંદિર હતું, જેની ખાતરી આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાએ કરી છે. અંગ્રેજોના સમયથી અને એ પહેલાંથી પણ હિન્દુઓ રામ ચબૂતરા અને સિતા રસોઈની પૂજા કરતા હોવાનું જણાયું છે. રેકર્ડમાં રહેલા પુરાવા મુજબ વિવાદિત જમીનના બહારના ભાગમાં હિન્દુઓનો અધિકાર હતો.'

તંત્રીસ્થાનેથી...

આ નિર્ણયની સાથે સુપ્રિમ કોર્ટે ૧૯૪૬ના ફૈઝાબાદ કોર્ટના આદેશને પડકારતી શિયા વકફ બોર્ડની સ્પેશિયલ લીવ પિટીશન રદ કરી હતી. બોર્ડનો દાવો વિવાદિત માળખા પર હતો, જેને રદ કરી દેવાયો છે. કોર્ટે નિર્મોહી અખાડાનો દાવો પણ રદ કરી દીધો છે. અખાડાએ જન્મભૂમિના મેનેજમેન્ટમાં અધિકાર માગ્યો હતો.

સુપ્રિમ કોર્ટના આ ચુકાદાથી એ બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે હવે અયોધ્યાની વિવાદિત જમીન પર રામ મંદિર બની શકશે. સાથે સાથે મુસ્લિમ પક્ષને પણ મસ્જિદ બાંધવા માટે અન્ય સ્થળે ૫ એકર જમીન મળી જશે.

કોર્ટના આ નિર્ણય બાબતે વાદ-પ્રતિવાદ ચાલશે, થોડું રાજકારણ, કોમકારણ પણ ચાલશે અને જાતજાતનાં નિવેદનો પણ આવશે. એ નિયતિ છે ને થશે. પરંતુ, સામાન્ય નાગરિકોએ ભલે પછી એ હિન્દુ હોય કે મુસ્લિમ એક વાતનો સંતોષ લેવાનો છે કે બંને વચ્ચે ૫૦૦ વર્ષથી ચાલી રહેલા એક મોટા વિવાદનો અંત આવ્યો છે. દેશને વિકાસના માર્ગે લઈ જવો હોય તો હિન્દુ-મુસ્લિમ વચ્ચે વિવાદ નહીં, સંવાદ જ માર્ગ છે એ બાબતે બંને સહમત છે એમાં તો વિવાદ નથી.

બીજાનો ભેદ ન ખોલવો

રંગ-ઉમંગ

કાનન ઓઝા

મોક્ષ પ્રાપ્ત કરવો છે તેને માટે થાય અને પુષ્ટિ. બંને બેડી બંધન છે. પરંતુ પુણ્ય પ્રાપ્ત થવાથી પુષ્ટિ એટલે કે કૃપા મળે છે. પુષ્ટિ એ સાધનાને અને સાધકને પોષણ આપનારું તત્વ છે. પુષ્ટિ સાધકની સાધનાને યોગ્ય વાતાવરણ અનુકૂળતા કરી આપે છે. મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સાધકને નિરોગી કાયા, સ્વસ્થ વિચાર કરી શકે તેવું મન જોઈએ, ઉત્તમ માતા-પિતા, શાસ્ત્ર સંગ અને સત્પુરુષ જોઈએ. પુષ્ટિ તે આપે છે. જો કે મોટા ભાગના માણસો આમાંનું કાંઈ નથી ઈચ્છતા પણ સારો વર કે સારી વહુ, સારો ધંધો અને સારો વૈભવ ઈચ્છે છે. જ્ઞાની પુરુષો કહો છે કે : 'લક્ષ્મી અને સંસાર વધતાં શું વધ્યું તે તો કહો ?' જો અંદર જ્ઞાન ન હોય તો માણસ સુખમાં છકી જાય છે, અને દુઃખમાં ડીપ્રેશનમાં આવી જાય છે કલેશમાં આવે છે,ત્યારે તેનામાં વેર અને કંકાસ વધે છે, વર્ષો સુધી સત્કર્મો કરી ને જે પુણ્ય ભેગું કર્યું હોય તે આવા સંજોગોમાં માણસ ખોઈ નાખે છે. ખરી વાત આવી છે, માટે મનમાં ચારે બાજુથી સદ્ વિચારોની મજબૂત પાળ બાંધો, જેથી સંચિત કરેલું પુણ્ય ખોવાઈ ન જાય.

જે માણસો એકબીજાના ગુપ્ત રહસ્યો પ્રગટ કરીને, એકબીજાને કલંકના છાંટા ઉડાડે છે, અપમાનિત કરે છે તે માણસો એકબીજાના વ્યુહમાં ફસાઈને એવી જ રીતે નાશ પામે છે, જેમ પોલા વાસમાં ઘુસેલો સાપ પાછો નીકળી શકતો નથી, શ્વાસ લઈ શકતો નથી તેથી મરણ પામે છે.

ચૂંટણી આવે છે ત્યારે આપણે સર્વત્ર એકમેકનાં છિદ્રો ખોલવાની પ્રવૃત્તિઓ થતી જોઈએ છીએ. માણસ કોઈને ભેદ જાણે છે તે બીજાને કહ્યા વિના રહી શકતો નથી. એવો આફરો તેને ચડે છે, માટે જ તે ખાલી થવા કશેક જાય છે. શ્રાવણ માસ એક વાર ખાઈ, મૌન રહી જય કરી, તય કરીને જે પુણ્ય એકઠું કર્યું હોય તે ભાદરવો માસ આવતાં જ નિંદા કુથલી કરીને ખોઈ નાખે છે.

ખરેખર તો માણસે બીજાની વાત જાણવા પ્રયાસ જ ન કરવો જોઈએ. પણ થાય છે એવું કે પડોશમાં રહેનારભાઈ બહાર કામે જાય કે તરત જ કેટલીક બહેનો એ ભાઈની પત્ની સાથે બીજાની નિંદા-કુથળી કરવી શરુ કરી દે છે. માણસ સાગર જેવા ગંભીર બનવાની જરૂર છે. નદીઓને ભલે લોક માતા કહી હોય પણ તેમાં જયારે પૂર આવે છે, ત્યારે તે મર્યાદા, માઝા મૂકે છે અને ઝાડ પાડે છે, ગામ તાણી જાય છે. તેનું કારણ એ છે કે વધુ પાણી નદી પચાવી શકતી નથી પણ દરિયામાં આવું નથી થતું. દુનિયાભરની નદીઓ સાગરમાં ઠલવાય, આકાશનાં વાદળો જગતભરમાં પાણી વરસાવે તો પણ તે ઊભરાતો નથી, માઝા મૂકતો નથી માટે જ સાગર જેવા ગંભીર થવાની વાત જ્ઞાનીઓ કહે છે. દરિયો ગંભીર હતો માટે જ દેવો અને દાખવો એ મળી તેનું મંથન કરી ૧૪ રત્નો મેળવ્યાં. તેમાં એક રત્ન લક્ષ્મીજી પણ હતા. જે ભગવાન વિષ્ણુ પાસે જઈ પૂજાયા.

માણસ આવી વાતો જાણે છે. છતાં ગંભીર નથી બનતો અને આવેશમાં આવી એકની વાત બીજાને કહી દુઃખી થાય છે.'તે એક-મેકની વાતો જાણીને તમારા મનમાં સંઘરો પણ બીજાને ન કહો. જે માણસ મર્મને, દોષોને જાણીને બીજાની આગળ પ્રગટ કરે છે. તેને શાસ્ત્રો નરાધમ કહે છે. તેનું પુણ્ય પોલા વાંસમાં પેઠેલા નાગની જેમ નાશ પામે છે. ચાડી-ચુગલીને અવાર્નવાદ કહે છે. તે નહિ કરવાથી પુણ્ય તમારી પાસે જ રહેશે, જશે નહીં.

સર્વ વંદનોમાં અહંકાર રહિત વંદનને નમસ્કારને સૌથી મોટું વંદન કહ્યું છે. અંદર નમ્રતા - વણાઈ હોય તો જ આવું વંદન શક્ય બને છે. માણસ જયારે માથું નમાવે છે, ત્યારે પણ તે અંદરથી અહમયુક્ત - કડક હોય છે. પણ જે નમે છે. તે સૌને ગમે છે. પ્રભુને ગમે છે. એવો માણસ જ સારું જીવન જીવી શકે છે, સૌની સાથો સુમેળથી રહી શકે છે..

ક્રોધ કરે છે, તેવા માણસને શાસ્ત્ર ચંડાળ કહે છે અને જે માણસ કોઈનો મર્મ બીજા કહે છે, તેના શાસ્ત્રોએ ચોથો ચંડાળ કહ્યો છે. માટે જ કદાચ તમારે કોઈને બીજાની માર્મિક વાત કહેવી જ પડે તેમ હોય તો જેને કહેવી છે તેને એકાંતમાં લઈ જાવ. પહેલાં તેને બીજી સારી વાત કહો, પછી તેની કે કોઈ બીજાની તમે કહેવા નક્કી કરેલી વાત કહો એ પણ કહો કે તે પેલાં બીજાએ જે આવું કર્યું છે તે ઉચિત નથી.

૨૧મી સદીનો એક અનોખો ચમત્કાર : મહિપતરામ દવે પરિવાર

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

પ્રેમ, સ્નેહ, આદર, વિશ્વાસ, લાગણી અને સન્માનથી પરિવાર બને છે, અનેક પરિવારોથી સમાજનું નિર્માણ થાય છે અને ઘણાબધા સમાજોથી રાષ્ટ્રનું નિર્માણ થાય છે. પરંતુ આજકાલ પરિવારો તૂટી રહ્યા છે, કારણ કે પ્રેમ અને સંસ્કારના ડીએનએ ઓછા થતા જાય છે અને મસ્તી અને મનોરંજનના માધ્યમો વધતા જાય છે. મેળાનો માણસ આજે સાવ એકાકી જીવન જીવવાનું વધુ પસંદ કરતો થયો છે, સંબંધો મોબાઈલ જેવા બની રહ્યા છે, જેમાં સ્વાર્થની બેટરી લૉ પડતી જાય એટલે સંબંધો મોબાઈલની જેમ બદલી નાખવામાં આવે છે. આવા કપરા સમયે સંયૂક્ત પરિવારની તો કલ્પના જ કોઈ કરી શકે એમ નથી. આજે એક પરિવારની બધી વ્યક્તિ રોજ સાંજે સાથે વાળું કરતી હોય એવું પણ બહું ઓછા પરિવારોમાં જોવા મળે છે. આજે પ્રસંગાનુસાર પરિવારના સૌ મળે એ પણ હવે અશક્ય બનતું જાય છે ત્યારે પરિવારના સભ્યોને એકબીજા માટે પ્રેમ, આદર અને સન્માન અને વિશ્વાસ હોય એવું તો હવે માત્ર વૉટ્સપના મેસેજોમાં જ જોવા મળે છે. વાસ્તવિક જીવનમાં બહું ઓછું.

આજે અહી જે ફોટો છે, એ ફોટો મારા ૩૭ વર્ષ જુના મિત્ર મહેશ દવે ''ભગત '' ના પરિવારનો છે. આ એક અનોખો પરિવાર છે. આજના ૨૧મી સદીના યુગમાં આવો પરિવાર હોય એ એક ચમત્કાર છે, આ પરિવારમાં છ ભાઈઓ, એક બહેન છે, ત્રણ ભાઈઓ પોલીસ ખાતામાં, બે શિક્ષક અને એક પ્રાઈવેટ કંપનીમાં કાર્યરત છે. અને એક બહેન એમના સંસારમાં વ્યસ્ત છે. સૌની વિચારધારા પણ જુદી જુદી પરંતુ માતા પિતા તરફથી મળેલી સંસ્કારધારા એક જ દિશામાં વહે, સાતેય ભાઈબહેનોમાંથી કોઈપણને કાંઈપણ જરૂરિયાત કે શોખની નાની મોટી કાંઈપણ ચીજ લેવી હોય તો પહેલા એકબીજાને પુછી લેવાનું અને જો આર્થિક કારણોસર કોઈ ભાઈ બહેનના ઘરમાં એ ચીજ ન હોય તો સૌ સાથે મળીને સરખાભાગે રૂપિયા એકઠા કરીને એ ચીજ પહેલા જેને નથી એના ઘરમાં પહોંચાડવાની પછી જ જેને જોઈએ છે તેણે લેવાની. આવો અનેક વર્ષોથી ચાલ્યો આવતો અતૂટ નિયમ આજે પણ પળાય છે.

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા શહેરની બાજુમાં સાવ નાનું સોલડી ગામ, ગામની વચ્ચે રામજી મંદિર કે જ્યા આજે પણ છૂત અછૂતના ભેદભાવો છે. એવા આ રૂઢિચૂસ્ત ગામમાં ભગતના પિતાશ્રી મહિપતરામ દવેનું એક ચૂસ્તબ્રાહ્મણ શિક્ષક તરીકેનું નામ ખૂબ જ સન્માનનિય, એક પગારમાં નવ દસ વ્યક્તિનું ભરત પોષણ, ઉછેર, શિક્ષણ આપનાર પિતા મહિપતરામ તથા તેમના સાતેય સંતાનોએ પિતાના પગાર સિવાય બીજી કોઈ આવક નહી હોવાને કારણે આ સોલડી ગામમાં ભિક્ષા પણ માંગેલી. એ રીતે સોલડી ગામમાં આ પરિવારનું એક ઉચ્ચ અને આગવું સ્થાન. તળાવને કાંઠે રહેલા હનુમાનજીના મંદિરની પૂજા. એ રીતે પૂજારી, શિક્ષક અને બ્રાહ્મણકાર્ય કરીને સૌએ જીવનની ગરીબાઈને ગરિમા આપી છે. તો વળી થોડીઘણી જમીન હતી તે વેચીને સાતેય સંતાનોને ધોરણ એક થી ઉચ્ચ શિક્ષણ સુધી સરકારી સ્કૂલોમાં જ વિના ટ્યુશને શિક્ષિત કરવા એ કેટલું કઠિન કામ છે એ આજના માતાપિતાને ખબર હશે જ. પરંતુ નાનપણથી પિતા સ્વામીનારાયણ ધર્મમાં માને તેથી ઘરમાં બધાનું જીવન નિર્વ્યસની, પિતાનો સંગીત પ્રેમ દરેક સંતાનોમાં સંસ્કાર રૂપે ઉતર્યો, છાણ માટીમાં ઉછરીને મોટા થયેલા આ ભાઈઓ પોતપોતાની કાબેલિયતથી નોકરીએ પણ લાગ્યા, અને જે ભાઈઓ ત્રણ ત્રણ સવારી સાયકલમાં ધ્રાંગધ્રા ભણવા જતા તે આજે પોતાની લાખો રૂપિયાની ગાડીઓમાં ફરે એ તેમના સારાકર્મોનું પરિણામ છે, અને આજે પણ એ ધરતીની, માટીની, છાણની સુવાસ હજીએ એમના શ્વાસમાં મહેકતી અનુભવી શકાય છે.

છ એ છ ભાઈઓને નોકરીને કારણે એક પછી એક પોતાનું જન્મસ્થળ, વતન સોલડી ગામ છોડવું પડ્યું છે. પરંતુ માતા પિતાથી એ સોલડીનું ગામ, ઘર, એ ધરતી કેવી રીતે છોડાય ? તેથી વર્ષો સુધી દીકરાઓનો આગ્રહ હોવા છતાંય માતા પિતા સોલડી રહેતા, પરંતુ બે વર્ષ પહેલા માતાના મૃત્યુને કારણે પિતા શારિરીક અને માનસિક રીતે સાવ અશક્ય થઈ જતા, ના છૂટકે દીકરાઓની સાથે રહેવા શહેરમાં આવવું પડ્યું. આજે ઘરડા માબાપની સાથે દીકરાઓ કેવા કેવા વ્યવહાર કરે છે એનું સત્ય જાણવું હોય તો એકાદ વાર વૃદ્ધાશ્રમમાં જવું જોઈએ. પરંતુ આ પરિવારમાં પિતાને પોતાને ઘેર રાખવા માટે છએ છ ભાઈઓ એકબીજા સાથે ઝગડે, વળી પિતાને ગામ સોલડીનું ગ્રામ્ય વાતાવરણ મળી રહે એ માટે ઘરમાં રોજ સવાર સાંજ સંગીત સંધ્યા, ભજનો અને વચનામૃતનું પઠન ફરજિયાત કરવાનું. છેલ્લા દેઢેક વર્ષથી પિતા સાવ અશક્ત, પથારીવશ હોવા છતાંય સૌ ભાઈઓ જેના ઘેર હોય તે એમને રોજ સવારે નવડાવવાના, એમની દાઢી કરવાની, નવા કપડાં, માથામાં તેલ નાખી દેવાનું, અને લેટ્રીન-પેશાબ પથારીમાં કરતા હોવા છતાંય આ ભાઈઓની પિતૃસેવા અદભુત છે, પિતા મહિપતરામ ૧૯૯૨થી નિવૃત છે આજે ૮૯ વર્ષના થયા, પરિવારના પ્રેમ અને સેવાને કારણે તેઓ ગર્વ પૂર્વક કહે છે કે '' શ્રવણની તમે તો વાર્તાઓ જ સાંભળી હશે પણ ઈશ્વરે તો મને એક સાથે છ - છ શ્રવણ જેવા દીકરા દીધા છે. અને માત્ર દીકરાની જ સેવા નહીં, એમના પુત્રવધૂઓની સેવા પણ દીકરીથી વિશેષ રીતે મળે. આ નશીબનું નહીં પણ સુસંસ્કારનું, સુશિક્ષણનું ફળ છે. જે આજની દુનિયાના માતાપિતા અને બાળકો સૌ કોઈ ભૂલી રહ્યા છે.

આ સાતેય ભાઈ બહેનો, તેમના સંતાનોની એકતા આજની ૨૧મી સદીના તમામ પરિવારો, યુવા પેઢી અને વૃદ્ધો માટે અનુકરણીય છે. કેમ કે સૌના જુદા જુદા સ્વભાવ, જુદી જુદી પરિસ્થિતિ છતાંય સૌ એકબીજાને સમજે, કોઈ ગેરસમજ થાય તો સૌથી મોટાભાઈ ઘનશ્યામભાઈ હુકમનો એક્કો, એમનો નિર્ણય સૌને માન્ય. ઘણી વખત ભાઈઓના ઉગ્ર સ્વભાવને કારણે પત્નીઓને કાંઈ તકલીફ હોય તો પોતાના પિયરને કહેવાને બદલે સૌથી મોટા ભાઈ ઘનશ્યામ ભાઈને કહેવાનું કહે એટલે એમના પતિદેવોનો ગમે તેટલો સ્વભાવ ઉગ્ર થયો હોય તે તરત શાંત થઈ જાય. એવી સૌ ભાઈઓની મોટાભાઈ પ્રત્યેની આમન્યા. ઘનશ્યામભાઈ એટલે એટલે આ પરિવારના યુધિષ્ઠિર, અહીં સ્ત્રીઓનું ખૂબ જ સન્માન. અહીં આ પરિવારમાં દેરાણી જેઠાણીના સંબંધો સગી બહેનથીએ વિશેષ, સૌ એકબીજાને સમજે, ચાહે, એકબીજાને સન્માન આપે, ઉંમર પ્રમાણે નાના મોટાનું ધ્યાન રાખે,

અનુસંધાન પાના નં ૭ પર

સદીના 'મહાનાયક' ની અર્ધી સદી...!!!

રગળપાટ

અજય ઉપાધ્યાય

૭ નવેમ્બર ૧૯૬૯ યાની કી આજથી પચાસ વર્ષ પહેલા રીલીઝ થયેલી હિન્દી ફિલ્મ ' સાત હિન્દુસ્તાની '...સાત હીરોની વાર્તાવાળી આ ફિલ્મ તો ચાલી નહોતી પણ ત્યારે કોઈને ખબર નહોતી કે એ સાત માહેનો એક લંબુ હીરો આવનાર કેટલાયે દશક સુધી બોલીવુડ પર રાજ કરવાનો છે.' સાત હિન્દુસ્તાની ' માટે મોસ્ટ પ્રોમિસિંગ ન્યૂકમરનો નેશનલ એવોર્ડ જીતનાર એ લંબુ હીરોને પણ એવી નહોતી ખબર કે આગળ જઈને એ બોલીવુડનો મેગાસ્ટાર....સુપરસ્ટાર...મહાનાયક બનવાનો છે, કેમકે એની આ ફિલ્મી સફરમાં 'સાત હિન્દુસ્તાની 'તો ઠીક કે ફ્લોપ ગયેલું પણ એ પછીના લગભગ ચારેક વર્ષમાં એની અગીયારેક ફિલ્મ રીલીઝ તો થવાની હતી પણ એમાંથી મોટાભાગની કા તો ફ્લોપ થવાની હતી અથવા તો હીટ થયેલી ફિલ્મોમાં પણ એને ક્રેડીટ નહોતી મળવાની. એ કહેવાની જરૂર નથી કે આ વાત સદીના મહાનાયક અમિતાભ બચ્ચન વિષે થઇ રહી છે. આ ૭ નવેમ્બરે બચ્ચનની પહેલી રીલીઝ થયેલ ફિલ્મ ' સાત હિન્દુસ્તાની ' ને પુરા પચાસ વર્ષ થયા...આ હિસાબે દેવીયો ઔર સજ્જનો મારા તમારા સૌના પ્યારા અમિતાભ બચ્ચનને પણ આ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પાંચ દાયકા બોલે તો પચાસ વર્ષ થઇ ગયા. એક આખી નહિ પણ અનેકો પેઢીઓ બચ્ચનને જોતા જોતા મોટી થઈ...યુવાન થઈ...આધેડ થઈ અને હજુ આજે પણ નવી પેઢીનો આ ફેવરીટ મહાનાયક તો છે જ...! કેટલી લાંબી યાત્રા...કેટલો અઢળક પ્રેમ.... અને એ પણ હજુ ટુ બી કંટીન્યુ જ છે..!

આમ તો બચ્ચને ' સાત હિન્દુસ્તાની ' ૧૫ ફેબ્રુઆરીએ સાઈન કરેલી પણ ફિલ્મ રીલીઝ થઈ નવેમ્બરમાં. આ ફિલ્મ કેમ મળી એની પાછળની કહાની ' સાત હિન્દુસ્તાની 'ના દિગ્દર્શક ખ્વાજા અહમદ અબ્બાસે એક પુસ્તકમાં લખી છે કે આ ફિલ્મની ખબર મળતા હીરો થવાના સપના જોતો અમિતાભ મહિનાના ૧૫૦૦નાં પગારની સેઈફ નોકરી છોડીને બેગમાં ઈન્દિરા ગાંધીની ભલામણ ચિઠ્ઠી લઈને કલકત્તાથી મુંબઈ આવી ગયેલો. ખ્વાજાને મળ્યો તો ખ્વાજાએ બે પાત્રમાંથી એક પસંદ કરવાનું કહ્યું. એક હતું શીખનું પાત્ર અને બીજું મુસ્લિમ અનવરઅલીનું પાત્ર, બચ્ચને બીજું પાત્ર પસંદ કર્યું. હજુ ખ્વાજાએ બચ્ચનને સાઈન નહોતો કર્યો પણ બચ્ચન તો નોકરી છોડીને આવી ગયેલો. ખ્વાજાએ કહ્યું કે માન કે ફિલ્મ ના મળત તો? જવાબ પણ કઈક ફિલ્મી ડાયલોગ સ્ટાઈલમાં જ મળેલો કે ' કુછ જોખિમ તો ઉઠાને પડતે હૈ ''!! અમિતાભે પોતે હરિવંશરાયના પુત્ર છે એવું જણાવ્યું પણ નહોતું પણ જેવી ખ્વાજાને ખબર પડી તો એમણે ટેલીગ્રામ કરીને હરિવંશરાયની અનુમતી લીધા પછી જ બચ્ચનને પુરા રૂપિયા ૫૦૦૦ માં ફિલ્મ માટે સાઈન કરેલો...!!

ખેર આ તો બચ્ચનના ' ધ બચ્ચન ' બનવા તરફની સફરની શરૂઆત હતી પણ આગળનો રસ્તો ' સાત હિન્દુસ્તાની ' મળી એટલો સરળ નહોતો. એક તો અમિતાભની ઊંચાઈ અને સુક્ક?લકડી બાંધો અને છતાયે ' સાત હિન્દુસ્તાની ' પછી મળેલી લગભગ અગિયારેક ફિલ્મોમાં મોટાભાગની ફ્લોપ..!! 'આનંદ 'માં એ સમયના સુપરસ્ટાર રાજેશ ખન્ના સાથે કામ કર્યું, વિવેચકોએ વખાણ્યું પણ ખરું અને બેસ્ટ સ્પોટલાઇટ એક્ટરનો ફિલ્મફેર એવોર્ડ જીતવા છતાં પણ ફિલ્મની સફળતાની ક્રેડીટ રાજેશ ખન્નાને મળી. ' પરવાના ' માં વિલન ટાઈપ રોલ પણ ફિલ્મ ફ્લોપ. 'રેશમા ઔર શેરા ' માં તો પાત્ર જ મૂંગું હતું. ' ગુડ્ડી ' માં થનારી પત્ની જયા સાથે કામ કર્યું તો ' બોમ્બેટુ ગોવા ' માં મહેમુદ જેવા સાથે પણ લગભગ એકય ફિલ્મમાં નોંધ ના લેવાઈ..!! પણ ' સાત હિન્દુસ્તાની ' માં પહેલા અમિતાભવાળો રોલ કરવાના હતા અને પાછળથી બચ્ચન સાથે ' કાલીયા ' ' શહેનશાહ ' જેવી સુપરહિટ ફિલ્મો આપી ચુકેલા ટીનું આનંદ કહે છે એમ કે એ જમાનાના એક પ્રખ્યાત દિગ્દર્શક પાસે કામ માંગવા ગયેલા અમિતાભને એવો જવાબ મળેલો કે ' તારી સામે કઈ હિરોઈન કામ કરવા રાજી થાય..? પહેલા આ લાંબા પગ કપાવીને આવ ''...ત્યારે પણ બચ્ચને ફિલ્મી અંદાજમાં જ જવાબ આપેલો કે ' એક દિવસ એવો આવશે કે મારા સિવાય તમે ફિલ્મ બનાવી જ નહિ શકો '' અને ' સાત હિન્દુસ્તાની ' ના લગભગ ચારેક વર્ષ પછી આવેલ ' ઝંઝીર ' ફિલ્મે એવી ધમાલ મચાવી કે એ પછીના વર્ષો સુધી બચ્ચન એટલે બોલીવુડ અને બોલીવુડ એટલે બચ્ચન બની રહ્યું.

આગળ લખ્યા એવા બનાવોના તણખા - ખુન્નસ જ કદાચ ' ઝંઝીર ' માં ઈન્સ્પેક્ટર વિજયની આંખોમાં દેખાય છે. આજે પણ ૭૭ વર્ષની જૈફ ઉમરે બચ્ચનના અભિનયમાં, બચ્ચનના અવાજમાં એ જ જુસ્સો અને એ જ તાકાત છે જે આજથી પચાસેક વર્ષ પહેલા 'ઝંઝીર' માં હતી. આજે પણ બચ્ચનના એ બુલંદ અવાજમાં જ્યારે 'દેવીયો ઔર સજ્જનો' સંભળાય ત્યારે રોમરોમ પુલકિત થઈ ઉઠે છે. કઈ કેટલાય હીરોલોગ આવ્યા ને ગયા પણ એક એબી જ એવો છે કે જે ૧૯૭૩ થી શરુ કરીને આજે ૨૦૧૯ માં પણ એટલો જ લવેબલ... એટલો જ લોકપ્રિય અને એટલો જ સુપરસ્ટાર છે. કોઈ ને ગમે કે ના ગમે પણ બચ્ચને બોલીવુડને આપેલી અભિનયની અનમોલ ભેટોને આજે નવી પેઢીના સિતારાઓ પણ સલામ કરે છે. આજે બચ્ચન ભલે સીનીયરમાં ગણાય કે પહેલા જેવી એની ફિલ્મો હીટ ના જતી હોય પણ એ હકીકત છે કે આજે પણ કેબીસી હોય કે 'બદલા' - 'પીકું' જેવી ફિલ્મો, બચ્ચન વેરી મચ હિયર...!

બચ્ચનની અત્યાર સુધીની યાત્રા કદાચ એક મિસાલ છે, એનું જીવ